સિંધુડો– એવું સાંભળીને આવીયું, વળી દુષ્ટજનનું દળ ।
સાધુને માંડ્યા સંતાપવા, બહુ બહુ દેખાડે છે બળ ॥૧॥
સંત શ્રીનગર માંહિ, નિત્ય જાતાતા ભિક્ષા અર્થ ।
તેને અસુરે આવી આંતર્યા, મારે કરે અતિ અનરથ ॥૨॥
ગેડી ધોકા પડે લાકડી, વળી કંદે ભાંગી કટિયું ।
કર્યા પ્રહાર કડિયાળીએ, તેતો સંતે સરવે સહ્યું ॥૩॥
તપસી ઋષિ કૃશ તનમાં, તેને માથે મોટ ચડાવિયા ।
મનગમતો માર દેતા, ઉતારાપર લઈ ગિયા ॥૪॥
તિયાં જઈ તાડન કરી, ફરી બાંધિયા બહુપેર ।

અસુરને હાથ આવી પડ્યા, જેને જરાયે ન મળે મેર ॥૫॥
કોઈ કહે કાન નાક કાપો, કોઈ કહે કરો ઘાત જીવની ।
કોઈ કહે ભુજ ચરણ ભાંગો, એમ બોલે સેના શિવની ॥૬॥
ભાખે ભૂંડી ગાળો મુખથી, તેતો જેજે બોલે તે થોડીયું ।
જાણું મસ્તક પાંચમું, કાપી બ્રહ્માનું ચોડીયું ॥૭॥
કોઈક સંત કલે વકલે, અસુર હાથ આવ્યો નહિ ।
તેણે ખબર ખોખરે વળી, આવીને સર્વે કહી ॥૮॥
સુણી શ્રીહરિ શ્રવણે, અંગે ઉભી થઈ રોમાવળી ।
એવો કોણ અવનિ ઉપરે, જે મારા સંતને મારે વળી ॥૯॥
કરી નજર અતિ કરડી, થયાં લોચન લાલ વિશાળ ।
ભ્રકુટિભ્રંગ ચડાવિયો, દેખી કંપવા લાગ્યો કાળ ॥૧૦॥
શશિ સૂરજ ઝાંખા પડ્યા, વળી ઉઠિયો અજ અકળાઈ ।
શિવ કહે સંહાર વળશે, આજ નથી રહેવાનું કાંઈ ॥૧૧॥
ઇંદ્ર સુરને ભય ઉપજયો, વળી દલે ડર્યા દિગપાળ ।
જોઈ કોપ મહારાજનો, તેણે કંપ્યો પન્નગ પયાળ ॥૧૨॥
વળતા પ્રભુજી બોલીયા, સુણી સંત માનજયો સત્ય ।
આ રાજયમાં રહેવું નહિ, તમે જાઓ શહેર સુરત્ય ॥૧૩॥
અધર્મી અધિપતિ અતિ, જીયાં ધર્મની વાત ગઈ ।
તિયાં તમ જેવા સંતને, પળ એક પણ રહેવું નઈ ॥૧૪॥
ચાલો સંત તમે ચોપશું, વળી અતિ ઉતાવળા આંહિથી ।
સાધુ સર્વે સધાવજો, અમે રહેશું આંહિ ધોકાપંથી ॥૧૫॥
પછી ચરણે લાગી ચાલીયા, વળી સંત સર્વે મંડળી ।
સંત ચારશે સામટા થઈ, ગઈ સુરત મુક્તમંડળી ॥૧૬॥
પછી રહ્યા પોતા પાસળે, વળી ખરી તે ક્ષત્રિજાત ।
તેને તે આગળ શ્રીહરિ, કરવા તે લાગ્યા વાત ॥૧૭॥
કહો ભાઈ કેમ કરશું, આતો અસુરે ઉપાડિ ઝાલિયું ।
સંતને તૈયે શીખ આપી, જ્યારે આપણું નવ ચાલિયું ॥૧૮॥

એવું સુણિ ક્ષત્રિ ખણશિયા, પ્રભુ પાછા વાળો સંતને ।
તમારા પ્રતાપ થકી, જુઓ અમારી રમત્યને ॥૧૯॥
આજ અવસર આવિયો, જેને માગે મોટા સુર ।
અમારા ઈષ્ટને પીડિયા, તેને જોશું અમે જરૂર ॥૨૦॥
પડચે કામે પુઠચ ફેરવે, વળી કરગરે કાયર હુઈ ।
ધિકધિક તેના જીવતને, એની જનેતા ભારે મુઈ ॥૨૧॥
ગામ ગરાસ કોટ કારણે, વળી રણે ચડે ચડિચોટ ।
ભૂપભડે શિર પડિ રહે, એમ લડી થાય લોટપોટ ॥૨૨॥
એહ રીત્ય ક્ષત્રિતણી, તેની જાણે સહુ કોઈ વાત ।
ખોટાસારુ વેખે ધન મુકે, આતો સાચું છે સાક્ષાત ॥૨૩॥
આપો અમને આગન્યા, જે જોઈએ એનું અમે જોર ।
શું થાશે બિચારા શ્વાનથી, છે પ્રભુ અમારી કોર ॥૨૪॥
પછી પ્રભુજી બોલીયા, આજ જાળવો સહુ આપણે ।
કાલ્ય જાશું કાંકરીએ, પછી બણવું હોય તે મર બણે ॥૨૫॥
એમ વાત કરતા વહી ગઈ, રહી નહિ રંચ રાત્ય ।
પહોર એક પોઢી જાગીયા, પોત્યે પ્રભુજી પરભાત્ય ॥૨૬॥
કહે થાઓ સહુ સાબદા, નાવા કાંકરીએ સર ।
બાળ વૃધ્ધ ને બાઈ માત્ર, તેતો રહેજયો સર્વે ઘર ॥૨૭॥
આપે અશ્વને ઉપરે, તરત થયા અસવાર ।
સર્વે સખા સજજ થઈ, સંગે ચાલીયા અપાર ॥૨૮॥
અશ્વે અસવાર ઓળખી, અને ધીરજ નવ શકે ધરી ।
પગ ન માંડે પૃથ્વી, જાણું ઉડશે પાંખુ કરી ॥૨૯॥
પછી નાહિ નાથ પાછા વળ્યા, અને આવીને ઉતર્યા બાર ।
પોતે પધાર્યા પુરમાં, ત્યાં આવ્યા અસુર અપાર ॥૩૦॥
મુછ મરડે કાંડાં કરડે, વળી ભર્યા બરડે ભાથ છે ।
કેક ભૂરા અતિલંબુરા, પૂરા પાંચ તે હાથ છે ॥૩૨॥
ખડગ ખાંડાં હાથ પબેડાં, સમશેર સાંગ્ય કર ગ્રહિ ।

બંદુક બરછી ખરિ ખરચી, અસુર ભૂર આવ્યા લઈ ॥૩૩॥
ડાઢાં મોટાં પહેરી લંગોટાં, ડોટું દિયે મારવા ।
ચાર દશા આવ્યા ધશા, ઠાઉકો કર ઠારવા ॥૩૪॥
વડા વૈરી લીધા ઘેરી, જમતા હતા જીવન વળી ।
મોટી ડાઢી ખડગ કાઢી, મારવાને ત્રુટ્યા મળી ॥૩૫॥
વિપ્રે માંડ્યા વળી વારવા, પણ માને નહિ મદેભર્યા ।
કાઢી ખડગ કરમાં, હરિજન પર ઘાવ કર્યા ॥૩૬॥
હરિજન કહે હવે પાપીયો, ઉભા રહેજયો એહ પગે ।
અમપર તમે ઘાવ કીધા, અમે ન બોલ્યા ત્યાં લગે ॥૩૭॥
સિંહ સરીખા શોભતા, વળી યુધ્ધમાં જાણે ઘણું ।
ધાયા ધણેણી મારવા, ખમે ખડગ કોણ ક્ષત્રિતણું ॥૩૮॥
ચાર પાડ્યા ચોકમાં, જે હતા અસુરમાં અધિપતિ ।
બીજા ભણેણી ભાગિયા, ભાઈયો આપણી પણ આ ગતિ ॥૩૯॥
વણઠલ વેરાગા ફરતાં નાગાં, ભાગ્યા ભૂર ભૂલી દિશા ।
રહેતાં મરડતાં અતિઠરડતાં, ખાસડાં ખાતાં ખૂબ ખશ્યા ॥૪૦॥
અતિ અસોયા બહુ બફોયા, કોઈ કોઈને ભેળું નઈ ।
માર્યા માર્યા કહે મુખથી, એમ રિયોપિયો રહ્યું થઈ ॥૪૧॥
જાણીને મૂકયા જીવતા, બહુ લાગી મહારાજની બીક ।
નહિતો એકે એકને, કરવા તે હતા ઠીક ॥૪૨॥
પછી આવ્યા પાછા વળી, કર્યા પ્રભુને પ્રણામ ।
ત્યારે નાથ કહે આપણે, હવે રહેવું નહિ આ ઠામ ॥૪૩॥
હરિ હરિજન હેતુ સહુના, કલ્પવૃક્ષ સમ કહેવાય ।
તેમાં જે જન જેવું ચિંતવે, તેને તે તેવું થાય ॥૪૪॥
નરતન ધરી નાથજી, વળી સૂર્ય સમ શોભે ઘણું ।
પણ પાપીને ન પડે પાધરું, નડે પાપ પોતાતણું ॥૪૫॥
એમ ભાર ઉતાર્યો ભૂમિનો, વૈશાખવદિ ચતુર્દશી ।
તેદિ પાપી મારીયા, જે આવ્યાતા મારવા ધશી ॥૪૬॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ
મુનિવિરચિતે ભક્તચિંતામણિ મધ્યે અસુરનો નાશ કર્યો એ નામે
સત્તાવનમું પ્રકરણમ્ ॥૫૭॥